45 रासलीलैकतात्पर्याय नमः

४५-रासलीलैकतात्पर्य :

શ્રીઆચાર્યજી એક માત્ર રાસલીલામાંજ નિત્ય પરાયણ છે.

અર્થ - ચરિત્ર - સંગતિ :

શ્રીઆચાર્યજીના સિદ્ધાન્તે સમસ્ત શ્રુતિ, શાસ્ત્ર આદિમાં જે કંઈ ઉત્તમ ફળો બતાવવામાં આવ્યા છે, તે સર્વ ફળોમાં ઉત્તમોત્તમ સર્વોત્તમ ફળ શ્રીકૃષ્ણની રાસલીલા છે. એટલા માટે શ્રીઆચાર્યજી શ્રીભાગવતમાંના રાસપંચાધ્યાયીવાળા અધ્યાયોને "ફલ પ્રકરણ" કહી નિરૂપણ કરે છે. દશ ઈંન્દ્રિય અને અગીયારમાં મનથી ભગવાનના સ્વરૂપાનંદનો ઉપભોગ થાય એજ ઈંન્દ્રિયધારીઓનું સર્વોત્કૃષ્ટ ફળ છે. આના અતિરિકત બીજું કોઈ ફળ નથી. અને આ ફળ રાસલીલામાંજ પ્રાપ્ત થઈ શકે છે. શ્રીગોપીજનોએ વેણુગીતમાં આ પરમ ફળનું "અક્ષરાવતાં ફલમિદં ન પરં વિદામઃ" કહીને વર્ણન કર્યું છે.શ્રીઆચાર્યજી શ્રીસુબોધિનીજીમાં "અક્ષરાવતામિન્દ્રિયવતાં ચક્ષુષ્મતાં વા" કહી વર્ણવે છે. કારિકામાં વિશેષ ઉલ્લેખ નીચે પ્રમાણે કરે છે.

ભગવતા સહ સંલાપો દર્શનં મિલિતસ્ય ચ |૩|
આશ્લેપ : સેવનં યાપિ સ્પર્શશ્ચાપિ તથાવિધ :
અધરામૃતપાનં ચ ભોગો રોમોદ્ગમસ્તથા |૪|
તત્કૂજિતાનાં શ્રવણમાન્ધાણું ચાપિ સર્વત :
તદન્તિકગતિર્નિત્યમેષં તદભાવનં સદા |૫|
ઈદમેવેન્દ્રિયકતાં ફલં મોક્ષોપિ નાન્યથા.

અને તેથી દેહધારીઓને રાસલીલાજ પરમફલરૂપ હોવાથી આ મહાન દાન આપશ્રી વિમુકિતપુષ્ટિમુકિતમાં આપે છે. શ્રીઆચાર્યજીએ ચંદ્ર સરોવર ઉપર પોતાના સેવકોની પ્રાર્થનાથી આ દેહેજ તેઓને રાસલીલાનાં દર્શન કરાવી પુષ્ટિમુકિતના સુખનો અનુભવ કરાવ્યો હતો. આ નામ "વૈરાગ્ય-ધર્મ" સૂચક છે.

ચિત્ર - પરિચય :

શ્રીઆચાર્યજી પોતાના સેવકોને ચંદ્ર સરોવર ઉપર રાસલીલાના દર્શન કરાવે છે.

નામ - સંગતિ :

શ્રીઆચાર્યજી રાસલીલાનેજ સર્વોત્તમ ફળ માને છે તે કેવી રીતે જાણ્યું જાય ? તે સમજાવવા કૃપયૈતત્કથાપ્રદ : નામ વર્ણવે છે.